ધાનપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૦૪/૨૦૧૯ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૯૫,૩૯૭ ના કામે અરજદાર પારસીંગભાઈ નરસુભાઈ મોહનીયાની મુદ્દામાલ બકરી તથા ભેંસ પરત મેળવવાની મુદ્દામાલ અરજી લગત હુકમ :–

---

(૧).... અરજદારે હાલ ની અરજી આપી જણાવેલ છે કે, ધાનપુર પો.સ્ટે. ના ઉપરોકત ગુના રજીસ્ટર ના કામે બકરીઓ નંગ. ૨૮ તથા એક ભેંસ ની અરજદાર ની પોતાની માલીકી વાળી છે. જે હાલ માં ઉપરોકત ગુના ના કામે પકડવામા આવેલ મુદ્દામાલ તરીકે જમા લીધેલ છે. અને હાલ માં પોલીસ સ્ટેશન માં બંધ હાલત માં પડી રહેવાથી અરજદારને આર્થિક રીતે નુકસાન થાય તેમ છે. તેવા સંજોગો માં સદર મુદ્દામાલ પરત આપવા માંગણી કરેલ છે.

(૨)... અરજદારની સદર અરજી અન્વયે અરજદારના વિ. વકીલશ્રીને સાંભળવામાં આવેલ છે. જેઓ તેમની દલીલમાં જણાવેલ છે કે સદર મુદ્દામાલ તેઓની આજીવીકાનુ એકમાત્ર સાધન છે. આથી મુદ્દામાલ અરજદારને પરત સોંપવાની અરજ કરેલી છે. તથા આ કામે ધાનપુર પોલીસ સ્ટેશન તરફથી રજુ રાખવામા આવેલ રીકવરી પંચનામુ, મુદ્દામાલ પાવતી તથા મુદ્દામાલ બાબતેનો અભિપ્રાય વંચાણે લેવામાં આવેલ છે.

(૩)... આ કામે અરજદાર તરફે રજુ કરવામા આવેલ અરજી ધ્યાને લેવામાં આવેલ છે. તથા રીકવરી પંચનામુ અને મુદ્દામાલ પાવતી જોતા સદર બકરીઓ અને ભેંસ હાલના કામે કબજે કરવામાં આવેલ છે. અને સદર મુદ્દામાલ પશુઓ છે. અને સદર પશુઓને વધુ પડતા પોલીસ સ્ટેશનમાં રાખવા વ્યાજબી જણાય આવતુ નથી. વળી તેને અરજદારને અમુક રકમ ના જામીન આપ્યે થી પરત સોંપવામાં આવે તો કોઈ આપતિ જણાય આવતી નથી. આમ સદર કામ મા કેસ ની કાયવાહી પુરી થતા સમય જાય તેમ છે. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય ના કેસમાં આપેલ ચુકાદો કે જે. એ.આઈ.આર. ૨૦૦૩ એસ.સી.. ૬૩૮ માં પ્રદર્શીત થયેલો છે, તેમાં ઠરાવ્યા પ્રમાણે મુદ્દામાલ અરજીનો નિકાલ ત્વરીતપણે કરવો જોઈએ તે જરૂરી છે અને બને ત્યાં સુધી મુદ્દામાલ

લાંબો સમય બીન ઉપયોગી પડી રહેવાથી તેને નુકશાન થાય તેવું હોય તો મુદ્દામાલને કેસ પુરો ન થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશનમાં અનામત રાખવાનો કોઈ અર્થ નથી અને યોગ્ય શરતોને આધીન મુદ્દામાલના માલીકને મુદ્દામાલ પરત કરવો જોઈએ. આમ, નામદાર સુપ્રિમ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને ધ્યાનમાં રાખી આ અરજીના તમામ કાગળો ધ્યાનમાં રાખી તથા ક્રિ. પ્રો.કોડ ની કલમ ૪૫૧, ની જોગવાઈ ઓ ધ્યાને રાખી જામીન આપ્યે થી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી,ન્યાયી અને ઉચિત જણાશે. જેથી આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧)... આ કામના અરજદાર ની હાલ ની મુદ્દામાલ પરત લેવાની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨)... ધાનપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૪/૨૦૧૯ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૯૫,૩૯૭ ના કામે કબજે કરેલ મુદ્દામાલ બકરીઓ નંગ.૧૩ તથા એક ભેંસ છે તે અરજદારે મુદ્દામાલ પાવતીની કીંમત ના દોઢી રકમ ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમ નો જાત મુચરકો કરી આપ્યે થી સદર મુદ્દામાલ અરજદાર ને નીચેની શરતો ને આધીન વચ્ચગાળાની કસ્ટડી ના સ્વરૂપે અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: શરતો ::–</u>**

(૧)... બોન્ડ તથા જામીન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. સમક્ષ રજુ કરવા.

(૨)... મુદ્દામાલ હુકમ અનુસાર અરજદારને સોંપવા અંગેનો વિગતવારનો રીપોર્ટ આ હુકમની એક પ્રત જરૂરી બોન્ડ ચાર્જશીટના કાગળો સાથે રજુ રાખવા.

હુકમની શરતોની યાદી સંબંધીત પોલીસ સ્ટેશને કરવી.

સદર હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

હુકમ આજરોજ તારીખ ૨૮ મી જાન્યુઆરી, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલત

માં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

ધાનપુર.

તારીખ. ૨૮/૦૧/૨૦૧૯.

(અમિતકુમાર કેશવલાલ ડાભી)

પ્રિન્સીપાલ સીવીલ જજ

અને જયુડી. મેજી. ફ.ક., ધાનપુર.

CODE NO. GJ01280